**વ.કો.(ફેટલ) કેસ નં.૦૩/૨૦૨૨**

**આંક–૧૪ ની વીમા કંપનીને પક્ષકાર તરીકે જોડવાની અરજી લગત હુકમ**

૧. આ કામના અરજદારોએ વ.કો.(ફેટલ)કેસ નં.૦૩/૨૦૨૨ માં વળતર મેળવવા માટેની અરજી આપી તેનો આ કામે સામાવાળાએ જવાબ રજુ કરેલ છે. સદર જવાબમાં સામાવાળા નં.૧ એ વીમા કંપની હોવાનું જણાવેલ, અકસ્માત સમયે તેમણે ધી ન્યુ ઈન્ડીયા એસ્યુરન્સ કંપની લીમીટેડ પાસેથી કામદાર વળતર ધારા હેઠળ વીમો ઉતરાવેલ હોય, આ કામે વીમા કંપનીને જોડેલ નથી તેવી તકરાર લીધેલી હતી.

આથી અરજદારે સામાવાળા નં.૧ પાસેથી વીમા પોલીસીની નકલ મેળવી આંક–૧૪ થી વીમા કંપનીને જોડવા માટે અરજી આપેલી હતી.

૨. આ કામે સામાવાળા નં.૧ એ અરજી ઉપર 'વાંધો નથી' તે મુજબનો શેરો કરી અરજી મંજૂર કરવા વાંધો નથી તેમ જણાવેલુ છે.

આ કામે પક્ષકાર જોડવાની અરજીની નકલ સૂચિત વીમા કંપનીને મોકલવામાં આવતા જે વીમા કંપનીને બજી જવા પામેલ છે. આ કામે સૂચિત વીમા કંપની તરફે વિ.વ.શ્રી આર.પી.તન્નાએ હાજર થઈ રજૂઆત કરેલ છે કે, આ કામે રજૂ થયેલ વીમા પોલીસીની નકલ ધ્યાને લેતા સદર પોલીસી તા.૦૧ /૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીના સમયગાળાની હોય, આ કામે ઈજા પામનાર ગુજરનાર વીરસલમવ કનૈયાલાલનું તા.૦૮/૧૨/૨૦૨૧ ના રોજ અવસાન થવા પામેલ હોય, વીમા કંપનીની કોઈ જવાબદારી થતી નથી. આ કામે વીમા કંપનીના વિ.વકીલશ્રીએ અકસ્માતવાળા સમયગાળા

માટે સામાવાળા નં.૧ એ કોઈ પોલીસી નહિ કઢાવેલાનું જણાવેલુ છે.

૩. આ કામે અરજીની હકીકતો ધ્યાને લેતા તથા તેની સાથે રજૂ વીમા પોલીસીની નકલ ધ્યાને લેતા અદાલતનુ માનવુ છે કે, આ કામે રજુ કરવામાં આવેલ વીમા પોલીસી તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨ /૨૦૨૨ સુધીના સમયગાળાની હોય, ગુજરનારનું અવસાન તા.૦૮/૧૨/ ૨૦૨૧ ના રોજ ચાલુ સારવાર દરમ્યાન થયેલ હોય, જે હકિકત ધ્યાને લેતા વીમા પોલીસી અકસ્માત તારીખે અસ્તિત્વમાં ન હતી. વધુમાં અકસ્માતની તારીખના સમયગાળા માટે સામાવાળા નં.૧ ધ્વારા અગાઉ કોઈ પોલીસી લેવામાં આવેલ નહિ હોવાનું જણાવેલુ છે. આથી આ કામે સૂચિત વિમા કંપનીને પક્ષકાર તરીકે જોડવી વ્યાજબી અને ન્યાયોચિત જણાતુ ન હોય, અરજદારની સૂચિત વીમા કંપનીને પક્ષકાર તરીકે જોડવાની અરજી મંજુર થવાને પાત્ર જણાતી ન હોય, આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

અરજદારની આંક-૧૪ ની ધી ન્યુ ઈન્ડીયા એસ્યુરન્સ કંપની લીમીટેડ ને સૂચિત પક્ષકાર તરીકે જોડવાની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

તા. ૦૪/૦૯/૨૦૨૩
જામનગર

**(ટી.જે.પટેલ)**
વર્કમેન કમિશ્નરશ્રી,
મજુર અદાલત કોર્ટ નં.૧,જામનગર
જજ કોડ યુ.આઈ.નં.જીજે-૦૦૯૫૯

એમ.કે.નાકિયા
(સ્ટેનોગ્રાફર)